ગાંધીનગર સમાચાર

ગાંધીનગર સિવિલ ડિફેન્સ યુનિટ દ્વારા અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજમાં તાલીમ



## @ગાંધીનગર

● પેથાપુર સ્થિત શ્રી સુખડેશ્વર મહાદેવ મંદિરમાં રાત્રે ૯.૩૦ કલાકે લોકડાયરાનો કાર્યક્રમ યોજાશે.

● રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક શનિવારે સાંજે ૫ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે યોજાશે.

● જૈન સોશ્યલ ગૃપ દ્વારા ગૃપના સભ્યની ડિરેકટરી ૨૦૧૫નો વિમોચન સમારોહ ટાઉનહોલ ખાતે સાંજે ૫.૧૫ કલાકે યોજાશે. ઉપરાંત તેજસ્વી બાળકોનું સન્માન અને સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાશે.

● રાજપૂત મહિલા મંડળ દ્વારા ગરબા કાર્યક્રમને અંતર્ગત બેઠક બપોરે ૨ કલાકે રાજપૂત ભવન, સે-૧૨ ખાતે મળશે.

● અરે દિવાનો મુજે પહેચાનો નામક કાર્યક્રમ બપોરે ૪ કલાકે ઈન્ફોસીટી કોન્ફરન્સ હોલ, ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# 'સ્વેક' ખાતે યોજાયેલ ભારતીય વાયુસેનાની ૮૩મી વર્ષગાંઠ







ગાંધીનગર, તા.૯

ભારતીય વાયુસેનની ૮૩મી વર્ષગાંઠ નિમિત્તે ગાંધીનગર નજીક આવેલ 'સ્વેક' ખાતે ગઈ કાલે સાંજે યોજાયેલ ઉજવણી સમારોહમાં ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલી ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે સંબોધન કરતા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે ભારતીય વાયુસેનાની આઠ દશક ઉપરાંતની સેવાયાત્રા ગૌરવશાળી રહી છે અને આજે વિશ્વની શ્રેષ્ઠત્તમ વાયુસેનાઓમાં તેનું સ્થાન અંકિત થયું છે. તેનો શ્રેય ભારતીય વાયુસેનાના અધિકારીઓ અને જવાનોને જાય છે. તેમણે જણાવ્યું હતું કે આપણી વાયુસેનાએ ૧૯૬૫ થી ૧૯૭૧ના યુદ્ધોમાં પેશેવર દક્ષતાનો અનન્ય પરિચય આપ્યો છે. આ ઉપરાંત વાયુસેનાએ પ્રાકૃતિક કે અન્ય સંકટના સમયમાં બચાવ અને રાહત કાર્યમાં તેની અગ્રીમ ભૂમિકા નિભાવી છે. નેપાળમાં ભૂકંપના અસરગ્રસ્તો હોય કે યમનમાં ફસાયેલા લોકો હોય તેમની મદદે પહોંચવાની પ્રશંસનીય ફરજ વાયુસેનાએ બજાવી છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં અમરેલી અને બનાસકાંઠામાં ભારે વરસાદથી અસર પામેલા લોકોના બચાવ અને રાહત કાર્યોમાં 'સ્વેક'ના વાયુ યોદ્ધાઓએ સહાયતા પ્રદાન કરી હતી.

૧૯૬૫ના યુદ્ધમાં અને ૧૯૭૧ના લોંગેવાલાની લડાઈમાં 'સ્વેક'ના યુનિટોની સરાહનીય ભૂમિકા રહી હતી તેનું આપણને અત્યંત ગૌરવ છે એમ તેમણે જણાવ્યું હતું.

પ્રારંભમાં 'સ્વેક'ના એર ઓફિસર-ઈન-કમાન્ડ, એર માર્શલ આર.કે. ધીરે રાજયપાલશ્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું.

એર માર્શલ એસ. હરપાલસિંગ, એરફોર્સ વાઈવ્સ વેલફેર એસોસિએશનની અધ્યક્ષા શ્રીમતી નીલમ ધીર, 'સ્વેક'ના અધિકારીઓ-કર્મીઓ તેમના પરિવારજનો તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## વાતવાતમાં

● સરખેજ રુટની બસ સવારે 'ઘ' રોડ પર ખોટવાઈ હતી. બસમાં સવાર પેસેન્જર ઉતરી ગયા હતા અને બીજી બસ મળતા સરખેજ જવા રવાના થયા હતા.

● સેકટર-૨૫માં આવેલું એસ.બી.આઈ.નું એટીએમ ઘણા દિવસથી બંધ હાલતમાં છે સે-૨૫, ૨૬ અને ૨૮ના નાગરીકોને એ.ટી.એમ. બંધ હોવાથી ભારે તકલીફ પડી રહી છે.

● ગાંધીનગરના જાણીતા અગ્રણી રાજેન્દ્રભાઈ પારેખને સે-૭/૮ના બસ સ્ટેન્ડ પાસે અકસ્માત નડયો હતો. હાલ તેમની તબિયત સુધારા પર છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

# ગાંધીનગર સિવિલ ડિફેન્સ યુનિટ દ્વારા અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજમાં તાલીમ







ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સિવિલ ડિફેન્સ યુનિટ દ્વારા નાગરિકોમાં તથા વિદ્યાર્થીઓમાં નાગરિક ધર્મ બજાવવા તાલીમ બધ્ધ કરી સ્વયુમથી કટોકટીના સમયમાં સર્વનું રક્ષણ કરવાની તાલીમ આપવામાં આવે છે.

છેલ્લા પાંચ દિવસથી શ્રી અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીઓનું કોલેજ દ્વારા તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦ ઉપરાંત વિદ્યાર્થીએ તાલીમ મેળવી નાગરિક સંરક્ષણની પરીક્ષા આપી હતી. જેમાં પ્રાધ્યાપક શ્રી સુનીલ રાજપાલ શ્રીમતી વિજ્ઞાબેન ઓઝા, વાઈસ પ્રિન્સીપાલ દ્વારા સતત માર્ગદર્શન અને વ્યવસ્થા ગોઠવી વિદ્યાર્થીઓને પાંચ દિવસ સુધી તાલીમ આપવામાં શ્રી મનોજ રાવલ, જયેશ વેગડા, અમદાવાદથી તાલીમ આપવા સતત કાર્યરત રહી તાકીદમાં મેડીકલ સારવાર, સ્વરક્ષણ, કટોકટી અને તાકીદેની પરિસ્થિતિમાં નગરનું રક્ષણ જેવા વિષય પર દાખલાઓ સાથે વિદ્યાર્થીઓ સાથે પરામર્શ કરેલ જેમાં સતત નાયબ નિયંત્રકશ્રી, પી.આઈ. મહેન્દ્રસિંહ એમ. રાઠોડ અને દિક્ષીત પટેલ તથા ચીફ વોર્ડન અરૂણ બુચ દ્વારા માર્ગદર્શન આપી નાગરિક સંરક્ષણમાં જોડાવા વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી.

આજના છેલ્લા દિવસે ફાયર ઓફીસર શ્રી મોઢ અને તેમના સ્ટાફ સાથે નાગરિક સંરક્ષણ એકમના શ્રી સતીષ પટેલ, અંજના નિમાવત, મહાવીર નિમાવત, કનુભાઈ ભરવાડ સહીત એકમના વોર્ડનશ્રીઓએ ઘરમાં આગ લાગે ત્યારે હાથવગા સાધનોથી સ્વ થી સર્વનું રક્ષણ કેમ કરવું તેનું શ્રી મોઢ ફાયર ઓફીસરે વિદ્યાર્થીને તાલીમ આપી તેમની પાસેથી જ સાધનોનો કેવી રીતે ઉપયોગ કરવો તેની તાલીમ આપી હતી.

પ્રતિમાસે નાગરિક સંક્ષણ એકમ ગાંધીનગર નાગરિકો, વિદ્યાર્થીઓને તાલીમ બધ્ધ કરી સજ્જ કરવાનું તથા અન્ય રાષ્ટ્રીય કાર્યમાં સહભાગી થઈ રહેલ છે.

(તસવીર : દિપક જાની)

# ઈન્ફોસીટી ટાઉનશીપમાં ચાર મકાનોના તાળા તુટયા

**ત્રણ મકાનમાંથી તસ્કરોને કાંઈ ન મળ્યુ : એક મકાનમાંથી ૯૬૦ અમેરીકન ડોલર અને ચાંદીના સિક્કા મળી રૂ. ૧.૧૬ લાખની મત્તા સાફ કરી ગયા**

ગાંધીનગર, તા.૯

શહેરના પ્રવેશદ્વાર પાસે સ્થિત ઈન્ફોસીટી ટાઉનશીપમાં ગઈ કાલે બપોરના સમયગાળા દરમિયાન એક સાથે ચાર મકાનોને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યા હતાં. ત્રણ મકાનોમાંથી તસ્કરોને કાંઈ મળ્યું ન હતું. જયારે એક મકાનમાંથી ચાંદીના સિક્કા તથા અમેરીકન ડોલર મળી કુલ રૂ. ૧.૧૬ લાખની મત્તા સાફ કરી તસ્કરો રફફુચક્કર થઈ ગયા હતાં. ઈન્ફોસીટી પોલીસે મકાન માલિકની ફરિયાદને આધારે દિવસની ઘરફોડનો ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

ઈન્ફોસીટી ટાઉનશીપના મકાન નં. ૪૦૪ ખાતે રહેતા નિશીતભાઈ નિર્ભયકુમાર રસ્તોગી ટીસીએસ કંપનીમાં નોકરી કરે છે. ગઈ કાલે સવારે ૧૦ વાગ્યે તેમના ઘરે તાળુ મારીને નીકળ્યા બાદ સાંજે સાંતેક વાગ્યે ઘરે પરત ફર્યા ત્યાં સુધીમાં કોઈ શખ્સો તેમના મકાનમાં હાથફેરો કરી ગયા હતા. તેમના બંધ મકાનનું તાળુ તોડીને અંદર ઘુસી તસ્કર ટોળકી ૯૬૦ અમેરીકન ડોલર તથા ચાંદીના સિક્કાઓ મળી કુલ રૂ. ૧,૧૫,૯૦૦ની કિંમતની મત્તાની ઉઠાંતરી કરી ફરાર થઈ ગઈ હતી તે ઉપરાંત આજુબાજુના ત્રણ મકાનના પણ તાળા તોડયા હોવાનું ધ્યાને આવ્યું હતું. પરંતુ તેમાંથી કાંઈ ચોરાયું ન હતું. નિશીતભાઈ રસ્તોગીની ફરિયાદને આધારે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## જુસિકા દ્વારા શ્રાધ્ધવિધિ અને કથાનું આયોજન

જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા આગામી તા. ૧૧ ઓકટોબરના રોજ બપોરે ૩-૦૦ કલાકે બ્લોક નં. ૫૬/૧, સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ, સેકટર-૧૨ કાર્યાલય ખાતે શ્રાધ્ધવિધિ અને સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કથાના અંતે મુકબધિર શાળાના બાળકો, અંધશાળાના બાળકો, ઓબ્ઝર્વેશન હોમના બાળકો, મંદબુદ્ધિના બાળકો, ડભોડા ભિક્ષુક ગૃહની બહેનો, વૃદ્ધાશ્રમના વૃધ્ધોને સંસ્થા દ્વારા ભોજનથી તૃપ્ત કરાવવામાં આવશે. આ પ્રસંગે સંસ્થાના સભ્યો, દાતાઓ તેમજ સુજ્ઞ નગરજનોને પધારવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

## વાવોલ પશુ દવાખાના પાસે મચ્છર ઉત્પત્તિ સ્થાન નાબુદ કરવા વસાહતીઓની માંગ

ગાંધીનગર, તા.૯

સેકટર-૫ નજીક વાવોલ પશુ દવાખાનું આવેલ છે. જેની પાસે રેલ્વે ફાટક અને ગંદા પાણીનું બારે માસ વહેતું પાણીવાળું નાળુ છે. જયાં અસહ્ય ગંદકી તેમજ વાસ મારે છે અને લાખો મચ્છરના લાવા ઉછરી રહ્યા છે. જો સમયસર નાબુદ નહિ કરવામાં આવે તો ભયંકર રોગચાળો ફાટી નીકળવાનો ભય છે. સેકટર-૫ના જાગૃત નાગરિક શ્રી એચ.આર.જાનીએ મહાનગરપાલિકામાં રજુઆત કરેલ છે. છતાં જિલ્લા પંચાયતે પણ આ અંગે તપાસ કરવી જોઈએ તેવી માંગ છે.

## રાજપૂત સમાજ તેજસ્વી તારલાઓનું સન્માન કરશે

રાજપૂત સમાજ દ્વારા આગામી તા. ૧૧ ઓકટોબરના રોજ બપોરે ૩.૦૦ કલાકે રંગમંચ, સે-૨૭ ખાતે વિદ્યારત્ન સન્માન સમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડૉ. અંજલીબા પઢીયાર, સોનલબા ચાવડા, ડૉ. ચેતનસિંહ બિહોલા, જસવંતસિંહ ગોલ, મહેન્દ્રસિંહ ચૌહાણ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા સહકુટુંબ પધારવા સમાજના પ્રમુખ ભરતસિંહ ચૌહાણે અનુરોધ કર્યો છે.

# ઓબીસીના યુવાનોને રોજગારલક્ષી લોન માટે ૩૧મી અંતિમદિન

ગાંધીનગર, તા.૯

રાજય સરકાર સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે તેમજ યુવાનોને રાહતદરે રોજગારલક્ષી લોન આપવા કટિબદ્ધ છે. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ તેમજ યુવાનોને રોજગારલક્ષી વિવિધ વ્યવસાય/ધંધા માટે લોન આપવાની અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે.

આ યોજનાઓનો લાભ લેવા અરજદારોએ લોન માટેના અરજી ફોર્મ મેળવવાની અને સ્વીકારવાની અંતિમ તા. ૩૧-૧૦-૧૫ નક્કી કરવામાં આવી છે. અંતિમ તારીખ બાદ ફોર્મ આપવા સ્વીકારવામાં નહીં આવે તેની નોંધ લેવા અરજદારોને ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## પેથાપુર ખાતે લોક ડાયરાનું આયોજન

ગાંધીનગર, તા.૯

પેથાપુર ગામમાં આવેલ શ્રી સુખડેશ્વર મહાદેવ મંદિર ધામ ખાતે ૧૨૧ કુંડી અતિમહારૂદ્ર યજ્ઞ આગામી તા. ૨૧ થી ૨૫ નવેમ્બર સુધીમાં યોજવામાં આવશે. જે નિમિત્તે 'ધર્મધજા' તથા મુખ્ય યજ્ઞ કુંડ ઉછમણી બોલાવવાના હેતુથી તા. ૧૦ ઓકટોબરના રોજ રાત્રે ૯.૩૦ કલાકે સોમનાથ સોસાયટીની બાજુના મેદાન ઉપર લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાહિત્ય કલાકાર બાબુલ બારોટ, દમયંતિ બારોટ, બાબુભા ચૌહાણ, રતનસિંહ વાઘેલા, રમેશભાઈ પ્રજાપતિ તથા અન્ય નામાંકિત કલાકારો પધારશે.

## તું મને નથી ગમતી કહીને પતિએ પત્નિને ઘરમાંથી કાઢી મુકી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક વલાદ ગામમાં રહેતી ૨૦ વર્ષીય પરિણિતા કાજલના લગ્ન અમદાવાદ દશક્રોઈ ખાતે રહેતા સુનિલ જયંતિ ઠાકોર સાથે થયા છે. કાજલ પોતાના પિયરમાં ગઈ અને ગઈ કાલે પોતાના સાસરે પરત પહોંચી ત્યારે પતિએ કહી દીધું કે તું મને ગમતી નથી તારા પિયરમાં જ રહે... તેમ કહીને ઘરમાંથી કાઢી મુકી હતી. પતિ સામે શારિરીક-માનસિક ત્રાસ અંગે ફરિયાદ આપતા ડભોડા પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# ગાંધીનગરની બીબીએ કોલેજના સાત વિદ્યાર્થીઓનું ઈન્ટર્નશીપ પ્લેટમેન્ટ

ગાંધીનગર, તા.૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા કર્પોરેટ જગતમાં બીબીએના વિદ્યાર્થીઓને તાલીમબદ્ધ તેમજ ગુણવત્તાસભર માનવ સંસાધનના રૂપમાં પુરા પાડવાનું અવિરત કાર્ય કરી રહી છે. જેના ભાગરૂપે આજે પ્રાઈવેટ સેકટરની નામાંકિત બેંક 'કોટક મહિન્દ્રા બેંક'માં આ કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા ૭ વિદ્યાર્થીઓ દેબાશિષ પાઠક, પૂજા પટેલ, મિત્તલ ચૌધરી, પટેલ દિપેન્તિ, શોભા પ્રેમરામ, ખંજન બ્રહ્મભટ્ટ તેમજ મુનમુન સિન્હાની ઈન્ટર્નશીપ માટે પસંદગી થઈ છે. આ બધા જ વિદ્યાર્થીઓ કોટક મહિન્દ્રા બેંકમાં બેંકિંગને લગતા વિવિધ કાર્યોની ૩૦ દિવસ સુધી બપોરના ૧૨.૦૦ વાગ્યાથી ૬.૦૦ વાગ્યા સુધી તાલીમ લેશે તેમજ બેન્કર બનવા માટે જરુરી ગુણો જેવા કે કોર્પોરેટ એટિકેટસ, કમ્યુનિકેશન, પ્રેઝન્ટેશન, બેંકિંગ લો અને બીજી અનેક સોફટ સ્કિલ કેળવવા ૩૦ દિવસ સુધી સતત પ્રયાસ કરશે. કોટક મહિન્દ્રા બેંકના સીનીયર ઓફીસરના જણાવ્યા મુજબ જો આ તમામ વિદ્યાર્થી ઈન્ટર્નશીપ દરમિયાન સારું પરફોર્મન્સ બતાવશે અને તેની નિપુણતા પુરવાર કરશે તો તેઓને ઈન્ટર્નશીપ પુરી થયા બાદ તેમજ સેમીસ્ટરની ફાઈનલ પરીક્ષા પાસ કર્યા બાદ પુરા પગારથી ફુલટાઈમ નોકરી પર લેવામાં આવશે. આ પહેલા આ કોલેજના બીબીએ પૂર્ણ કરેલા ફ્રેશર્સને ડીસીબી બેંક દ્વારા રૂ. ૨૦,૦૦૦ના માતબર પગાર સાથે ફુલટાઈમ પગારથી જોડાવાની ઓફર મળી ચુકી છે. આ ૩૦ દિવસની ઈન્ટર્નશીપનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ દ્વારા એકત્રિત કરેલ કલાસરૂમ લર્નિંગને ઈન્ડસ્ટ્રીની જરૂરિયાત સાથે સુસંગત કરવું તેમજ વિદ્યાર્થીઓમાં કોર્પોરેટમાં ઉચ્ચ હોદ્દો પ્રાપ્ત કરવાની લાયકાત ઉભી કરવી તે છે. આ સંપૂર્ણ ઈન્ટર્નશીપ ડ્રાઈવને સફળ બનાવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પુષ્ટીના માર્ગદર્શન હેઠળ ટ્રેનિંગ અને પ્લેસમેન્ટના હોડ ડૉ. જયેશ જે. તન્ના, પ્રો. માર્ગી દેસાઈ, પ્રો. આશિષ ભુવા તેમજ સમગ્રી ટીમે ખુબ જહેમત ઉઠાવી હતી.

# એન.આઈ.સી.એમ. કેમ્પસ ખાતે ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના પ્રવેશદ્વાર પાસે આવેલ એન.આઈ.સી.એમ. કેમ્પસ ખાતે 'પ્રયાસ-૨૦૧૫' અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થી ભાઈ બહેનોએ વિવિધ ચિત્રો દોરી રજુ કર્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતાં.

શહેરના ચ-૦ સર્કલ પાસે ઈન્ફોસીટીને અડીને આવેલ એન.આઈ.સી.એમ. ખાતે આજ રોજ 'પ્રયાસ-૨૦૧૫'નું આયોજન કરાયું હતું. પ્રયાસ અંતર્ગત કોલેજના વિદ્યાર્થીઓને મનગમતા વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કોલેજના સિત્તેર વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ ચિત્રો રજુ કર્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત ઈનામ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે રૂઝાન ખંભાતા, કોલેજના પ્રોફેસરો, વિદ્યાર્થી સહિત મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. વિદ્યાર્થીઓના અદભુત ચિત્રદો જોઈ ઉપસ્થિત સૌ કોઈ આશ્ચર્ય પામી ગયા હતા.

## અવસાન નોંધ

જાગૃત વસાહત ફોરમ ગાંધીનગરના ફાઉન્ડર તેમજ સામાજીક કાર્યકર અને ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝના રાજીવ ગુપ્તાના માતૃશ્રી સ્વ. શ્યામાબેન ઉમેશચંદ્ર ગુપ્તાનું દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તેઓના નિવાસસ્થાન 'ગુપ્તાસદન', પ્લોટ નં. ૨૩/૨, સે-૧૪ ખાતે ૧૦ ઓકટોબરના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે રાખવામાં આવેલ છે.

# નવરાત્રી પર્વને વધાવવા તડામાર તૈયારીઓ

## કાપડ બજાર, ફુલ બજાર, ઈલેકટ્રીક અને પૂજાપાની દુકાનોમાં આવેલી તેજી, આભુષણો માટે ઘસારો

ગાંધીનગર, તા.૯

જગતજનની મા જગદંબાના મહાપર્વ નવરાત્રી આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ઉપાસના, સાધના અને આરાધના થકી માતાજીની અસીમ કૃપા પ્રાપ્ત કરવા શ્રધ્ધાળુઓએ તૈયારી આરંભી દીધી છે. જેમાં આદ્યશકિતના અલંકારીત પરિધાન, આભુષણો તથા પૂજા સામગ્રી માટે બજારમાં દોડધામ થઈ રહી છે. નગરના બજારો જે છેલ્લા ઘણા સમયથી સુષુપ્ત અવસ્થામાં હતા તે દેવી શકિતના પર્વ થકી જીવંત બનવા લાગ્યા છે. નવરાત્રીને રંગચંગે ઉજવવા સૌ કોઈ હરખના હીલોળે ચડયું છે.

આસો સુદ એકમને મંગળવારથી રૂમઝુમ કરતી નવરાત્રીનો મંગલ પ્રારંભ થનાર છે ત્યારે મા ભગવતીના આ પવિત્ર અને દિવ્ય પર્વના પડઘમ નગરમાં વાગી રહ્યા છે. ઘેર ઘેર મંદિરની સાફ સફાઈ અને સાજ સજાવટ આરંભી દેવાઈ છે. જેમાં નવરાત્રીના અનુષ્ઠાન, ઉપવાસ અને સાધના કરવાવાળા શ્રધ્ધાળુઓ દ્વારા નવરાત્રીને લગતી વિવિધ સામગ્રીની ખરીદી શરુ કરી દેવાઈ છે. નવ દિવસના માતાજીના નવ સ્વરૂપોને નિત્ય નવા વસ્ત્રો, અલંકારો અને આભુષણ થકી સજ્જ કરવા કાપડ





બજાર, ફુલ બજાર, ઈલેકટ્રીક અને પૂજાપાની દુકાનોએ દોડધામ શ્રધ્ધાળુઓની વધી ગઈ છે.

ઘરના મંદિરોને રોશનીથી ઝળહળતા રાખવા લાઈટીંગ વ્યવસ્થા પણ હાથ ધરી છે. માતાજીના સ્થાપના, ફોટો કે મૂર્તિ, અગરબત્તી, અત્તર, આસન માટે શ્રેષ્ઠ સિંહાસન તથા ફુલહાર સાથે સોલે શણગાર થકી માતાજીની દિવ્યતા અલૌકિક અને અદભૂત બની રહે તેવા પ્રયાસો આરંભાયા છે. શ્રધ્ધાળુઓની નવરાત્રી પહેલાંની આ તૈયારીઓથી નગરના બજારો તેજીથી સળવળી ઉઠયા છે. નવરાત્રી દરમિયાન માતાજીની આરતી, પ્રસાદ માટે ફળફળાદી, ઘી અને મીઠાઈની પણ અગાઉથી વ્યવસ્થા કરી લીધી છે. રૂઢીગત પરંપરા અનુસાર માનતા અનો આસ્થા માટે માતાજીના પર્વ દરમિયાન ઉપવાસ રાખી ઘરે જ આ પર્વ મનાવાય છે ત્યારે અનોક ઘરોમાં હાલ નવરાત્રીના પૂર્વે સાજ સજાવટ થઈ રહી છે. નગરમાં પણ અનેક પ્રચલિત સ્થળોએ અનેક સેકટરોમાં નવરાત્રીની ઉજવણી થાય છે જેની પણ તૈયારીઓ ચાલી રહી છે. અતિ શ્રધ્ધા થકી ઉજવાતા આ પર્વ માટે સૌ કોઈ અત્યારથી ઉત્સાહી બન્યું છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## આવતીકાલે આઈએસસીસીએમ વોકેથોન

અમદાવાદ, તા.૯

ઈન્ડિયન સોસાયટી ઓફ ક્રિટિકલ કેર મેડિસીન (આઈએસસીસીએમ)ના અમદાવાદ ચેપ્ટર દ્વારા તા. ૧૧ ઓકટોબર ૨૦૧૫ના રોજ સવારે ૭ થી ૯ કલાક દરમિયાન પરિમલ ગાર્ડન ખાતે વોકેથોનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ૨૫૦ થી ૩૦૦ ડોકટરો, નર્સો, ફિઝિયોથેરાપીસ્ટ અને સામાજિક કાર્યકરો ભાગ લેશે. આ કાર્યક્રમમાં શહેરનાં મેયર શ્રીમતી મીનાક્ષીબેન પટેલ, મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી ડી.તારા સહિતના મહાનુભાવો પણ ખાસ ઉપસ્થિત રહેશે.

જીવન સાથે જોખમરૂપ પરિસ્થિતિઓનાં નિદાન અને ઉપચાર માટે અત્યાધુનિક ટેકનોલોજી સાથેની સૌથી વધુ સુસજ્જ તબીબી શાખાને ક્રિટિકલ કેર મેડિસીન તરીકે ઓળખવામાં આવે છે. આ ટેકનોલોજીને રોજીંદા ધોરણે મૃત્યુ સામે લડવામાં ઉપયોગી કરવામાં આવે છે. આ માટે માત્ર ડોકટરો અને ટેકનોલોજી જ નહિ, પરંતુ નર્સ, ફિઝિયોથેરાપીસ્ટ, ન્યુટ્રીશનીસ્ટ અને અન્ય પેરામેડિકલ સ્ટાફ દિવસ રાત કાર્યરત રહીને જીવન બચાવે છે. હકીકતમાં તે એવું સૈન્ય છે કે જે તેમનું પોતાનું જીવન જોખમમાં મુકીને અન્યોની જીંદગીને બચાવવાનું કાર્ય કરે છે.

## ચિરવિદાય

- સ્વ. દંતાણી અમરતભાઈ શકરાભાઈ, ઉ.વ. ૬૦
- સ્વ. દરબાર આનંદીબેન રામાજી, ઉ.વ. ૭૦
- સ્વ. કેશુજી જેઠાજી ગોલ, ઉ.વ. ૮૨